GPSC class-3 STI 25/7/2021
Mains paper



વિષય કોડ : STM-1 (વર્ણનાત્મક)

ગુજરાતી (મુખ્ય પરીક્ષા)

સમય : 3 કલાક    માધ્યમ : ગુજરાતી    ગુણ-100

પ્રશ્ન-1. ત્રણ પૈકી કોઈ પણ એક વિષય પર 250થી 300 શબ્દોમાં નિબંધ લખો.

(અ) મહામારીના સમયમાં પ્રજાની સામૂહિક જવાબદારી

(બ) ઇ-કોમર્સના ફાયદા અને ગેરફાયદા

(ક) ફરતું પુસ્તકાલય - લાભાલાભ

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

પ્રશ્ન-2. નીચેની બે પૈકી એક કાવ્યપંક્તિનો વિચારવિસ્તાર આશરે 100 શબ્દોમાં કરો.

(અ) દર્પણમાં જોઉં છું એ મારું પ્રતિબિંબ છે, હું નથી:
પણ હું તો છેતરાઈને પણ કેવો હરખાઉં છું! - રવીન્દ્રનાથ ટાગોર

(બ) પતંગિયું પોતાની આવરદા મહિનાઓમાં નહીં, ક્ષણોમાં સમાવી દે છે -
અને છતાંય તેને સમયનો તોટો નથી! - રવીન્દ્રનાથ ટાગોર

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન-3. નીચે આપેલા 191 શબ્દોના ગદ્યખંડનો 1/3 ભાગ (64 શબ્દો)માં સંક્ષેપ કરો.

પોતાનો સાચો પરિચય પામવો એ સહજ નથી. વિધાતાએ જો મારું આયુષ્ય દીર્ઘ ન કર્યું હોત તો મારા સંબંધે સ્પષ્ટ ખ્યાલ પામવાનું પણ ન બની શક્યું હોત. જીવનના એ દીર્ઘ ચક્રપથની પ્રદક્ષિણા કરતાં કરતાં આજે વિદાયની વેળાએ એ ચક્રને જ્યારે સમગ્ર રીતે જોઈ શકું છું ત્યારે એક વાત મને સમજાય છે કે મારા પરિચયમાં હું કવિ છું એ સિવાય બીજું કશું કહેવાનું નથી. હું તત્ત્વજ્ઞાની, શાસ્ત્રજ્ઞાની, ગુરુ કે નેતા નથી. માનવને ગમ્ય સ્થાને પહોંચાડવાનો દાવો અમે કરતા નથી. પથિકોની યાત્રાના સહચારી બનવું એ જ અમારું કામ. માર્ગની બન્ને બાજુએ જે છાયા, હરિયાળીનું જે ઐશ્વર્ય, જે ફૂલપાંદડાં, પંખીનાં ગીત – એ રસનાં ભોજ્યમાં અભાવ પૂર્ણ કરવા અમે અહીં આવીએ છીએ. બસ, આ જ અમારો પરિચય.

જે લોકો શંખઘંટા વગાડીને મને ઉચ્ચાસને બેસાડવા ઇચ્છે છે તેમને હું કહું છું કે હું તો નીચલું સ્થાન લઈને જ જન્મ્યો છું. વૃધ્ધના કે પ્રમુખના સ્થાને બેસવાના કર્તવ્યમાંથી રમતના ઉસ્તાદે મને મુક્તિ આપી છે. આ ધૂળ, માટી, ઘાસ ને વનસ્પતિ ઔષધિ – એ બધાં વચ્ચે હું મારું હૃદય બિછાવી જાઉં છું. જેઓ માટીના ખોળાની પાસે છે, જેઓ માટીને હાથે ઊછર્યા છે, જેઓએ માટીમાં જ ઘૂંટણિયાં કરી આખરે માટીમાં જ વિશ્રામ લીધો છે તે સૌનો હું મિત્ર છું. હું કવિ છું.

- રવીન્દ્રનાથ ટાગોર

અનુવાદ – સુરેશ જોષી

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન-4. આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો.

મારું સામાન્યત્વ

શરીરની વરણાગીઓ પૂરી કરવામાં હું લગીરે કસર કરતો નથી. પરંતુ, સમજી-વિચારીને જીવનનો જે માર્ગ મેં અપનાવ્યો છે તેને જોતાં શરીરને બહુ આરામપ્રિય બનવા દેવાય તેમ નથી. પોતાની પથારી ઉપાડી વ્યવસ્થિત ગોઠવી મૂકી દેવી, ધોતિયું, ઝભ્ભો, ટુવાલ, રૂમાલ અને ઠંડીના દિવસોમાં મોજાં ધોવાં, જોડાને પોલિશ કરવું, વાસણ માંજવાં વગેરે નાનાંમોટાં કામોનો મને મહાવરો થઈ ગયો છે. અઠવાડિયામાં એક-બે વાર ઓઢવા-પાથરવાનાં કપડાં પણ ધોઈ લઉં છું. ધોબીને કપડાં આપવાં મને ગમતું નથી, વળી એટલું મારું ગજું પણ નથી. તેથી પગે ચાલવાનાં મારાં આનંદ અને શાખ પણ હું છોડવા તૈયાર નથી. જીવનની જે મર્યાદાઓનો વિચારપૂર્વક સ્વીકાર કર્યો, તેની અંદર શરીર રહે એ માટે મારો પ્રયત્ન રહે છે. ખાવું-પીવું વગેરે પર એ જ ગણતરીથી કાબૂ રાખું છું. હા, દેહ-પીડન ક્યારેય નહીં કરું. પરંતુ એટલું ધ્યાન જરૂર રાખું છું કે એને જે સુખ આપવાનું મારું ગજું નથી તે સુખની એને આદત ન પડવી જોઈએ.

મારું જે સામાન્યત્વ છે તે સ્વેચ્છાથી સ્વીકારાયેલું અને નભાવાયેલું છે. એ કોઈ લાચારીનું પરિણામ નથી. તેથી મારી દરિદ્રતામાં દીનતાનો છાંટો પણ નથી. વળી કોઈ સંસ્થા, સંપ્રદાય, હકૂમત વગેરેની પદવી મારા વ્યક્તિત્વને ચોંટેલી નથી; માટે મારી ગણતરી સામાન્ય માણસોમાં જ થવી જોઈએ. સામાન્ય માણસ તેજસ્વી તથા સામર્થ્યવાન બનશે તો જ લોકસત્તાનો પાયો મજબૂત નાખી શકાશે, બીજી કોઈ રીતે નહીં.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Happy Academy

મારે મન મનુષ્યનો સ્નેહ અમૃતથીયે અદકો જીવનદાયી અને અણમોલ છે. એને પામવાનો મારો પ્રયત્ન હોય છે. અધમ અને અપરાધી વ્યક્તિનો સ્નેહ પણ અધમ અથવા તરછોડવા યોગ્ય નથી. કેટલાક લોકોનો સ્નેહ વિકાર અથવા બીજા કોઈ હેતુથી ખરડાયેલો હોય છે, પરંતુ એમના વિકાર અને સ્વાર્થીપણાનો દૃઢતાથી પ્રતિકાર કરતાં કરતાં હું એમના સ્નેહનો સંગ્રહ કરવા પ્રયત્ન કરું છું. કોઈની પણ અશુભ મનોવૃત્તિ, દુષ્ટ પ્રવૃત્તિ અથવા દુષ્કર્મને ઉત્તેજન ન મળે એટલી સાવધાની હું મારા નિરપેક્ષ સ્નેહમાં રાખી શકું તો મારું કામ પૂરું થાય.

- દાદા ધર્માધિકારી ('ભૂમિપુત્ર' દશવારિક : 1978)

પ્રશ્નો:

1. લેખકનો શરીર વિશેનો ખ્યાલ કેવો છે?
2. લેખક પોતાની દરિદ્રતા વિશે શું માને છે?
3. લેખકના મતે લોકસત્તાનો પાયો મજબૂત કેવી રીતે કરી શકાય?
4. લેખકના જીવનમાં સૌથી મૂલ્યવાન શું જણાય છે?
5. લેખકની સ્નેહ વિશેની ફિલસૂફી શું છે?

પ્રશ્ન-5. પ્રચાર માધ્યમો માટે 150 શબ્દોમાં નિવેદન તૈયાર કરો.

તમે અ બ ક શહેરના પોલિસ કમિશ્નરશ્રી તરીકે જનતા કર્ફ્યુના અમલની સૂચના આપતું પ્રચાર માધ્યમો માટેનું નિવેદન તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન-6. પત્ર 100 શબ્દોમાં તૈયાર કરો.

ક ખ ગ કૉલેજમાં વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી. કૉલેજના વિદ્યાર્થી તરીકે તમે એમાં સહભાગી થયા. આ ઉજવણીના અનુભવને વર્ણવતો પત્ર તમારા મિત્રને લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 05

પ્રશ્ન-7. ચર્ચાપત્ર 200 શબ્દોમાં તૈયાર કરો.

ભારતીય સંસદમાં મહિલા આરક્ષણનો કાયદો અમલમાં લાવવાથી થનાર લાભ અને ગેરલાભની છણાવટ કરતું ચર્ચાપત્ર ત થ દ સામયિકના તંત્રીશ્રીને મોકલી આપો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન-8. અહેવાલ 200 શબ્દોમાં તૈયાર કરો.

તમે લીધેલી સ્ટેચ્યુ ઑફ યુનિટી અને એની આસપાસ વિકસાવેલાં રમણીય આકર્ષક સ્થળોની મુલાકાત વિશે અહેવાલ તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Happy Academy

પ્રશ્ન-9. નીચેના અંગ્રેજી લખાણનો ગુજરાતીમાં અનુવાદ કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

I have a dream that one day down in Alabama, with its vicious racists, with its governor having his lips dripping with the words of interposition and nullification - one day right there in Alabama little black boys and black girls will be able to join hands with little white boys and white girls as sisters and brothers.

I have a dream today.

I have a dream that one day every valley shall be exalted, and every hill and mountain shall be made low, the rough places will be made plain, and the crooked places will be made straight, and the glory of the Lord shall be revealed and all flesh shall see it together.

This is our hope. This is the faith that I go back to the South with. With this faith we will be able to hew out of the mountain of despair a stone of hope. With this faith we will be able to transform the jangling discords of our nation into a beautiful symphony of brotherhood. With this faith we will be able to work together, to pray together, to struggle together, to go to jail together, to stand up for freedom together, knowing that we will be free one day.

- Martin Luther King Jr.
("I have a dream", 1963)

પ્રશ્ન-10. ગુજરાતી વ્યાકરણના નીચેના દસ પ્રશ્નોના જવાબ આપો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

(1) રૂઢિપ્રયોગોનો અર્થ આપીને વાક્યમાં પ્રયોગ કરો.
(અ) અવસરે મોતી ભરડવાં
(બ) કાનખજૂરાનો પગ ભાંગવો

(2) કહેવતોનો અર્થ આપો.
(અ) આંગળી સૂજે થાંભલો ન થાય
(બ) કૂતરા બિલાડાનો મેળ

(3) સમાસનો વિગ્રહ કરીને ઓળખાવો.
(અ) લઘુરેખા
(બ) એકચિત્ત

(4) છંદ ઓળખાવો.
(અ) કદી મારી પાસે વનવન તણા હોત કુસુમો
(બ) આંસુના પડદા વતી નયન તો મારાં થયા આંધળા.

(5) અલંકાર ઓળખાવો.
(અ) ત્યાં તો પેલી ચપળ દીસતી વાદળી જાય ચાલી.
(બ) હું માનવી માનવ થાઉં તો ઘણું.

(6) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
(અ) ખૂબ બોલ બોલ કરે તે વ્યક્તિ
(બ) જાણવાની ઇચ્છા ધરાવનાર

Happy Academy

(7) નીચેના શબ્દોની જોડણી સુધારો.

(અ) મૂહતમીમ

(બ) શંખીની

(8) નીચેનું વાક્ય સુધારીને સાચું લખો.

બધા ઈંદ્રિયોમાં જિભનું સ્થાન વીશિષ્ટ છે.

(9) સંધિ વિશે સૂચના મુજબ કરો.

(અ) સંધિ જોડો - અલમ્ + કાર

(બ) સંધિ છોડો - શિરોવેદના

(10) નીચેનાં વાક્યોમાં સૂચવ્યાં પ્રમાણે કરો.

(અ) ઉદગારવાક્યમાં ફેરવો - તેની પાસે ઘણું સરસ શિલ્પ છે.

(બ) નિષેધવાક્ય બનાવો - તમે સાચું બોલો છો.

Happy Academy

# Paper-2 : ENGLISH

**Max. Marks : 100**

**Time : 3 Hours**

**Q. 1.** **Write an essay on any ONE of the following in minimum 250 to maximum 300 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.**

I. Polluted rivers are an outcome of our polluted minds.

II. Catch them young, watch them grow: The power of early childhood development.

III. Would the withdrawal of US troops from Afghanistan usher an era of peace and development?

IV. Bank mergers and Indian economy.

V. Do today's politicians, film-stars and sports personalities provide role models for citizens?

OBTAINED MARKS | TOTAL MARKS : 15

**Q. 2.** **Imagine you are a Sales Tax Inspector in Tax Department. The department is facing with an issue of employees and visitors creating nuisance by spitting in various corners of the building and thereby not only making the building dirty but also health hazardous. Your senior officer has sought your opinion about the needful actions to be taken to address the said issue. Write a letter, in about 150 words, to your senior officer suggesting necessary measures.**


OBTAINED MARKS | TOTAL MARKS : 10

**Q. 3.** **Write a report in about 200 words on your recent field trip for creating awareness among the traders and businessmen to understand the recent amendments in GST.**

OBTAINED MARKS | TOTAL MARKS : 10

**Q. 4.** **The chart below shows the fines collected and people fined for the breach of mask wearing rules in Ahmedabad. Describe and analyze the information of the chart with meaningful observations in about 150 words.**

OBTAINED MARKS | TOTAL MARKS : 10




Happy Academy

**Q. 5.** **The District Civil Hospital has created a new facility of additional 100 ICU beds with full facilities to combat any future wave of Covid19. Draft a formal inaugural speech, in about 150 words, to be delivered by the Honourable Minister of Health who is the chief guest of the on-line inauguration function of the program.**

OBTAINED MARKS

TOTAL MARKS : 10

**Q. 6.** **Write a precis of the following passage in about one third of its original length.**

OBTAINED MARKS

TOTAL MARKS : 10

The main and first and foremost objective of India's Foreign Policy –like that of any other country-is to secure its national interests. The scope of "national interests" is fairly wide. In our case it includes for instance: securing our borders to protect territorial integrity, countering cross-border terrorism, energy security, food security, cyber security, creation of world class infrastructure, non-discriminatory global trade practices, equitable global responsibility for the protection of environment, reform of institutions of global governance to reflect the contemporary realities, disarmament, regional stability, international peace and so on.

In order to sustain its growth trajectory, India needs substantial external inputs. To succeed, our on-going programmes such as Make in India, Skills India, Smart Cities, Infrastructure Development, Digital India, Clean India etc. need foreign partners, Foreign Direct Investments, financial assistance, and transfer of technology. India's foreign policy's added focus on this aspect in recent years has resulted in Diplomacy For Development by integrating economic diplomacy with political diplomacy.

India has 20mn strong Diaspora comprised of Non-Resident Indians and Persons of Indian Origin, spread all over the world. One of the major objectives is to engage them and derive maximum benefits from their presence abroad, while at the same time protecting their interests to the extent possible.

One of the unique features of India's foreign policy pursuits during the past five years was the unprecedented diplomatic outreach across the continents and hemispheres, covering small, medium, and big nations. There were a record number of high-level incoming and outgoing visits at the level of President, Prime Minister, Vice-President, External Affairs Minister and Ministers. This across-the-spectrum diplomatic outreach underlined the government's commitment to building relationships with countries, big and small, in the spirit of 'Vasudhaiva Kutumbakam i.e., "the world is one family."

**(300 words)**

**Q. 7.** **Read the following passage carefully and answer the questions that follow: (2 x 5 = 10)**

OBTAINED MARKS

TOTAL MARKS : 10

Indian planning is an open process. Much of the controversy and the debates that accompany the preparation of the plans are public. The initial aggregate calculations and assumptions are either explicitly stated or readily deducible, and the makers of the plans are not only sensitive but responsive to criticism and suggestions from a wide variety of national and international sources. From original formulation through successive modifications to parliamentary presentation, plan making in India has evolved as a responsive democratic political process and the culmination of the same in the final document is an impressive manifestation of the workings of an open society.

The process began with setting up of Planning Commission in March 1950 in pursuance of declared objectives of the Government to promote a rapid rise in the standard of living of the people by efficient exploitation of the resources of the country, increasing production and offering opportunities to all for employment in the service of the community. The Planning Commission was charged with the responsibility of making assessment of all resources of the country, augmenting deficient resources, formulating plans for the most effective and balanced utilization of resources, and determining priorities.

Happy Academy

Planning Commission was replaced by NITI Aayog in 2015.Annual Plans and transfer of Plan funds to States is now being undertaken by Ministry of Finance. NITI Aayog has been mandated to work towards fostering cooperative federalism through structured support initiatives and mechanisms with the States. An important evolutionary change from the past will be replacing a Centre-to-State one-way flow of policy by a genuine and continuing partnership with the states.

**Questions:**

**I. Why is planning in India described as a responsive democratic political process?**

**II. Which are the characteristic features of the people involved in making the plans?**

**III. What were the objectives of the Government while setting up the Planning Commission?**

**IV. Which changes would take place with NITI Aayog replacing Planning Commission?**

**V. Give a suitable title to the passage.**

**Q. 8. Do as directed:** **(15 x 1 = 15)**

**Choose the correct answer from the given options and darken the circle ● as well as write the correct answer in the bracket (CAPITAL LETTER) as per sample given below:**

| OBTAINED MARKS |
| --- |
| |
| TOTAL MARKS : 15 |

**Sample Answer:** ( C ) (A) ○ (B) ○ (C) ● (D) ○

**1. I __________ working all afternoon and have just finished the assignment.**

(A) have been (B) had been

(C) shall be (D) am

**2. We have already done the exercise. *(Change the voice).***

(A) Already the exercise has been done by us.

(B) The exercise has already been done by us.

(C) The exercise had been already done by us.

(D) The exercise is already done by us.

**3. "Don't play on the grass, boys," she said. *(Change the narration)***

(A) She said to the boys that they should not play on the grass.

(B) She told the boys that they should not be playing on the grass.

(C) She told the boys not to play on the grass.

(D) She ordered the boys "Don't play on the grass."

**4. How gorgeous is the sunset! *(Transform the given sentence into assertive.)***

(A) How is the sunset so gorgeous?

(B) The sunset is gorgeous, isnt it?

(C) The sunset is very gorgeous.

(D) How gorgeous the sunset is!

**5. I can do very ______ work at nights despite ______ my efforts.**

(A) a little / a few (B) less / whole

(C) any / more (D) little / all

**6. When we get ready for dinner, I have to take my books ________ the table.**

(A) Off (B) From

(C) Out (D) Of

Happy Academy

7. A student may want to know how many stages insects ________ before they become butterflies.
   (A) made up of (B) become of
   (C) go through (D) turn down
8. At one's wit's end *(Choose the correct meaning)*
   (A) perplexed (B) correct
   (C) clear Up (D) enlighten
9. Collateral *(Choose the correct meaning)*
   (A) Partnership (B) Indemnity
   (C) Mistaken (D) Furniture
10. Which of the following is the synonym of *"cease"*?
   (A) Stop (B) Begin
   (C) Create (D) Dull
11. Which of the following is the most opposite of *"coercive"*?
   (A) Promoting (B) Opinionated
   (C) Gentle (D) Progressive
12. A remedy for all disease is known as __________.
   (A) Medicine (B) Medical
   (C) Medica (D) Panacea
13. ______, you've got a chance, you might as well make full use of it.
   (A) As soon as (B) Now that
   (C) Although (D) After
14. His _______ (forget) nature often puts him in funny situations. *(Choose the correct suffix)*
   (A) Forgetless (B) Forgetness
   (C) Forgetful (D) Forgotten
15. He was a medieval ______ who later became the king to _____ England.
   (A) Knight, reign (B) Knight, rein
   (C) Night, reign (D) Night, rein

**Q. 9.** **Translate the following passage from Gujarati to English.**

| OBTAINED MARKS |
| --- |
| |
| TOTAL MARKS : 10 |

ગાંધીજીએ અસહયોગ આંદોલનમાં સામેલ થવા માટે પોતાના દેશવાસીઓને આહવાન કર્યું હતું. આ સમયે લાલ બહાદુર શાસ્ત્રી માત્ર 16 વર્ષના હતા. તેમણે મહાત્મા ગાંધીના આ આહવાન પર પોતાનું ભણતર છોડી દેવાનો નિર્ણય કરી લીધો હતો. તેમના આ નિર્ણયે તેમની માતાની આશાઓ તોડી નાંખી. તેમના પરિવારે તેમના આ નિર્ણયને ખોટો ગણાવીને તેમને રોકવાના ઘણા પ્રયત્નો કર્યા હતા પરંતુ તેઓ નિષ્ફળ રહ્યાં. લાલ બહાદુરે પોતાનું મન મનાવી લીધું હતું. તેમના બધા નજીકના લોકોને એ ખબર હતી કે એક વખત મંન મનાવી લીધા બાદ તેઓ પોતાનો નિર્ણય ક્યારેય નહીં બદલે કેમ કે બહારથી વિનમ્ર દેખાતા લાલ બહાદુર અંદરથી ખડક જેવા દ્રઢ હતા.

લાલ બહાદુર શાસ્ત્રી કાશી વિદ્યાપીઠમાં સામેલ થયાં હતા. અહીં તેઓ મહાન વિદ્વાનો તેમજ દેશના રાષ્ટ્રવાદીઓના પ્રભાવમાં આવ્યા. વિદ્યાપીઠ દ્વારા તેમને પ્રદત્ત સ્નાતકની ડિ.ગ્રીનું નામ 'શાસ્ત્રી' હતું. પરંતુ લોકોના મનમાં તે તેમના નામના એક ભાગરૂપે વસી ગયું. તેમના લગ્ન બધી રીતે પારંપરિક હતા. દહેજના નામે એક ચરખો તેમજ હાથથી વણેલું અમુક મીટર કાપડ હતું. તેઓ દહેજના રૂપમાં એનાથી વધારે બીજું કંઇ પણ ઇચ્છતા નહોતા.

Happy Academy

## પ્રશ્નપત્ર-3 : સામાન્ય અભ્યાસ-1 (મુખ્ય પરીક્ષા)

કુલ ગુણ : 100 સમય :3 કલાક

(1) પ્રશ્નક્રમાંક 1 થી 10.

(2) બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.

(4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.

પ્રશ્ન : 1. મૌર્યકાલીન સંસ્કૃતિના શિલ્પ અને સ્થાપત્યમાં સ્તૂપ અને શિલાસ્તંભોનું કલાત્મક નિર્માણ તેને આગવી ઓળખ આપે છે. ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 2. 1857ની સ્વતંત્રતાની લડાઈ બ્રિટીશ શાસનની આક્રમક સામ્રાજ્યવાદી નીતિઓ સામેનો આર્થિક, રાજકીય અને સામાજીક સંઘર્ષ હતો. ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 3. સાંપ્રત પરિસ્થિતિઓમાં સ્વાતંત્ર્યોત્તર એકીકરણમાં સરદાર પટેલની ભૂમિકાની સાર્થકતાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 4. ગુજરાતના લોકનૃત્યોના વૈવિધ્યની ચર્ચા કરો અને નળકાંઠામાં વસતા પઢારોના વિશિષ્ટ લોકનૃત્યનું વર્ણન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 5. શું સાંપ્રત ગુજરાતની રંગભૂમિ ફક્ત ફારસ અને વોટ્સપિયા જોક્સ પૂરતી સીમિત થઈ ગઈ છે? જૂની ગુજરાતી રંગભૂમિની સમૃધ્ધિ સમાન લાક્ષણિકતાઓની આ સંદર્ભે ચર્ચા કરી સાંપ્રત ગુજરાતી રંગભૂમિનું મૂલ્યાંકન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

Happy Academy

પ્રશ્ન : 6. ગુજરાતના મેદાનો એ ગુજરાતના સૌથી વધુ ફળદ્રુપ વિસ્તારો છે. મૂલ્યાંકન કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 7. ભારતમાં ચતુર્થક પ્રવૃત્તિઓના વ્યાપમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીની ભૂમિકાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 8. "શહેરીકરણ એક અનિવાર્ય અનિષ્ટ છે." વિશ્લેષણાત્મક ટીપ્પણી કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 9. ભારતમાં છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન હવામાન આગાહી બાબતે થયેલી પ્રગતિ અને તેની સામાન્ય જનજીવન પર થતી અસરોની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન :10. નેશનલ સાયબર સીક્યુરીટી સ્ટ્રેટેજી- 2020 (National Cyber Security Strategy - 2020) પર નોંધ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

Happy Academy

**પ્રશ્નપત્ર-4 : સામાન્ય અભ્યાસ-2 (મુખ્ય પરીક્ષા)**

કુલ ગુણ : 100 | સમય : 3 કલાક

(1) પ્રશ્નક્રમાંક 1 થી 10.

(2) બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.

(4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.

પ્રશ્ન :1. કાયદા સમક્ષ સમાનતા એ ભારતીય બંધારણનો અગત્યનો સિધ્ધાંત છે પરંતુ તેમાં કેટલાક અપવાદ છે. ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન :2. સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને દૂર કરવાની પ્રક્રિયા વર્ણવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન :3. "સક્રિય શાસન અને સમયસર અમલીકરણ" વહીવટની પ્રગતિ અને મુશ્કેલીઓની દેખરેખ-નિયંત્રણનું અસરકારક સાધન છે. ટિપ્પણી કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન :4. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ - 2013 હેઠળ ફરિયાદ નિવારણ માટેની જોગવાઈઓની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન :5. 15મા નાણાપંચની ભલામણોની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

Happy Academy

પ્રશ્ન :6. ફુગાવાની સમાજના વિવિધ વર્ગો ઉપર થતી અસરો વિશે નોંધ લખો અને તેને નિયંત્રણમાં લેવા કયા પગલાઓ લઈ શકાય?

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન :7. ગુજરાતમાં કૃષિ પેદાશના પરિવહન અને માર્કેટિંગની મુખ્ય સમસ્યાઓની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 8. વિદેશી સંસ્થાકીય રોકાણ (FII) અને વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) વચ્ચેનો તફાવત સમજાવી ભારતીય અર્થતંત્રના સંદર્ભે તેની અગત્યતાની ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 9. તાજેતરમાં કોર્નવોલ ખાતે યોજાઈ ગયેલ G-7 રાષ્ટ્રોની બેઠકની મુખ્ય ફલશ્રુતિ (પરિણામો) શું હતી?

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન :10. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ "સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ - 2020-21" ની મુખ્ય બાબતો જણાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

Happy Academy